અપીલ અરજી નં.૩૧ તા.૧૯–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભગવતીભાઈ ઈચ્છુભાઈ પટેલ
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભગવતીભાઈ ઈચ્છુભાઈ પટેલની તા.૧૬–૩–૧૧ની અરજીથી (૧) સને ૨૦૦૬ થી આજ દિન સુધી અમોને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ ટેક્ષ ભરવા છતા આપવામાં આવેલ નથી. (૨)કયા કારણોસર વિલંબ કરવામાં આવે છે.(૩) વિલંબ માટે કોણ જવાબદાર છે. (૪)જવાબદાર સામે શું પગલા ભરવામાં આવેલ છે. (૫)આ સુવિધા માટે શું આયોજન કરવામાં આવેલ છે. તે અંગે માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૪–૧૧ ની **SMC/FAP/** નં.૩૧/૨૦૧૧–૧૨

શ્રી ભગવતીભાઈ ઈચ્છુભાઈ પટેલની તા.૧૬–૩–૧૧ની અરજીથી (૧) સને ૨૦૦૬ થી આજ દિન સુધી અમોને પાણી જેવી પ્રથમિક સુવિધાઓ ટેક્ષ ભરવા છતા આપવામાં આવેલ નથી. (૨)કયા કારણોસર વિલંબ કરવામાં આવે છે. (૩) વિલંબ માટે કોણ જવાબદાર છે. (૪) જવાબદાર સામે શું પગલા ભરવામાં આવેલ છે. (૫)આ સુવિધા માટે શું આયોજન કરવામાં આવેલ છે. તે અંગે માહિતિ આપવા બાબતે ઈ.ચા. ડે.કમિશ્નર (સી) અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/૮૮૩ તા.૨૯–૩–૧૧ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૭ તા.૨૭–૪–૧૧ થી ઈ.ચા. ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતિ, જાહેર માહિતિ અધિકારી કક્ષાએથી ૨૯–૩–૧૧ ના રોજ આપેલ હોવા છતાં તે પૈકીની કઈ બાબતે નારાજગી છે તે આધાર રજુ કરવા સાથે આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને (જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતિ પુરી પાડવાની જોગવાઈ પરત્વે પણ આપનું ધ્યાન દોરવામાં આવે છે. વધુમાં અપીલમાં મુળ અરજીથી અલાયદા મુદ્દા ઉપસ્થિત કરી અપીલનું કારણ ઉત્પન કરી શકાય નહી.જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ /૧૦૬ તા.૨૯–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારના મિલ્કત નં.૯૩એ–૦૧ –૦૫૯૧–૦–૦૦૧ ના વેરાબીલની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ /આ.નં.૮૮૩ તા.૨૯–૩–૧૧ ના પત્રી નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પત્ર સંદર્ભે કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૬–૩–૧૧ ની અરજીથી અરજદારે પાણીની સુવિધા અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૮૩ તા.૨૯–૩–૧૧ થી માહિતી પૂરી પાડવામા આવેલ છે જે બાબતે અરજદારે તા.૧૯–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં.(૧) ટેના નં.નં.૯૩એ–૦૧– ૦૫૯૧ – ૦–૦૦૧, ઘર નં.૩૦૧ નો સને ૨૦૦૬ માં સુરત મહાનગરપાલિકામાં સમાવેશ થયેલ છે જેનો વેરો વોટર ટેક્ષ પેટે નાણા વસુલવામાં આવે છે તેમ છતાં પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સોસા.ના આંતરિક રસ્તા પર પાણીની નળીકા નાંખવા માટે નિયમ ફોર્મેટમાં રૂા.૫૦૦૦/– ભરીને કોઈ અરજી કરવામાં આવેલ ન હોય ઝોન ધ્વારા પાણીની લાઈન નાંખવાની કાર્યવાહી થયેલ નથી તેવું જણાવેલ છે. (૨)કયા કારણોસર વિલંબ કરવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિતી નિયમ મુજબ અરજી આવેલ ન હોય તેના નિકાલ અંગે વિલંકનો કોઈ પ્રશ્ન નથી. તેવું જણાવેલ છે. (૩) વિલંબ માટે કોણ જવાબદાર છે. તેવા પ્રશ્ન બાબતે ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ આ અંગે માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૪) જવાબદાર સામે શું પગલા ભરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ આ અંગે માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૫)આ સુવિધા માટે શુ ંઆયોજન કરવામાં આવેલ છે અને કેટલા સમયમાં આ સુવિધા પૂરી પાડવામાં આવશે તેની વિગતો પૂરી પાડવી. તેવા પ્રશ્ન બાબતે સોસા.ને લાગુ રસ્તા પર પીવાના પાણી માટે જાહેર સ્ટેન્ડ પોસ્ટ મુકવામાં આવેલ છે.સુરત મહાનગરપાલિકાની પ્રવર્તમાન નિતી નિયમ મુજબ શારદા ફળીયું સોસા.નો સમાવેશ ટીપી વિસ્તારમાં થાય છે જેથી નિતિ નિયમ મુજબ અરજી સાથે રૂા.૫૦૦૦/– પ્રાથમિક ડીપોઝીટ ભરી

અરજી કરવામાં આવેલ. તો અંદાજ બનાવવાની આગળની કાર્યવાહી હાથ ધરી શકાય. હાલ તમારા તરફથી પ્રાથમિક સુવિધા મેળવવા અરજી કરવામાં આવેલ નથી તેવં જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૯–૪–૧૧ ની અપીલ અરજીમાં પાલનપુર ગામમાં અનેક ફળીયાઓ છે તે પૈકી શારદા ફળીયું પણ એમાનું એક ફળીયું છે અન્ય ફળીયામાં મહાદે ફળીયું, સુભાષ ફળીયું જેમાં પ્રાથમિક સુવિધાઓ મહાનગરપાલિકા તરફથી બે વર્ષ અગાઉ મળી ગયેલ છે જયારે શારદા ફળીયામાં સ્ટ્રીટ લાઈટની સુવિધા મળેલ છે. પરંતુ પાણી તેમજ ડ્રેનેજની સુવિધાથી આ ફળિયાને કેમ વંચિત રાખવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે સીટી સર્વેના રેકર્ડ મુજબ આ શારદા ફળીયાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જયારે સોસા. શબ્દ મનસ્વી રીતે ઉપજાવી કાઢેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ /૧૦૭ તા.૨૭–૪–૧૧ થી અપીલ તબકકે પત્ર પાઠવવામાં આવેલ. આપેલ માહિતી અંગે નારાજગીની કોઈ વિગતો રજૂ કરેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તેમજ અપીલના મુળ અરજીથી અલાયદી મુદ્દા ઉપસ્થિત કરી અપીલનું કારણ ઉપત્ન કરી શકાય નહીં તેવું પણ જણાવેલ છે પરંતુ અરજદાર તરફથી તે અંગે કોઈ વિગતો રજૂ કરેલ નથી. વધુમાં અરજદારને પાણીની સુવિધા અંગે વંચિત રાખવા બાબતેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે શારદા ફળીયાને ટીપી સ્કીમમાં સમાવેશ થતો હોવાનું પણ જણાવેલ છે. જયારે અન્ય વિગતો અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી ઉપસ્થિત કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે..

અરજદારની તા.૧૬–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવ છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા મુદ્દા અંગે આરટીઆઈ એકટની જોગવાઈ અને નિયમ મુજબ અલાયદી અરજી કરી માહિતી મેળવવા સવતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ભગવતીભાઈ ઈચ્છુભાઈ પટેલ,